ॐ

॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक एकसठमो ॥

॥ वेदांतनां मूलतत्त्वो ॥

[३]

એ અંતઃકરણ આકાશાદિ પાંચ સૂક્ષ્મભૂતોના મળેલા જ્ઞાનપ્રધાન અંશોમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી જડ છે, ચેતન નથી. તેમાં જે જ્ઞાનધર્મ જણાય છે તે તેના આધારભૂત ચેતનમાંથી આવેલો છે. જેમ અગ્નિથી તપેલા લોઢાના ગોળામાં અગ્નિનું દાહકપણું અને

સંવત્ ૧૯૭૮ (શાકે ૧૮૪૪) આષાઢસુદિ પૂનમ. આવૃત્તિ પહેલી. પ્રતિ ૧૫૦૦
યોજનાર:—બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્મા. બીલખા. કાઠિયાવાડ.
જિજ્ઞાસુઓને મનન કરવામાટે વિનામૂલ્યે આપવા પ્રકટ કરનાર
ડૉ૦ વીરજી ઝીણાભાઈ રાવળ. એલ. એમ. એન્ડ એસ. હાઉસ
સર્જન, જ્યુબિલી હોસ્પીટલ. જામનગર. કાઠિયાવાડ.

અમદાવાદ—પીરમસા રોડ ઉપર ધી નિર્મળ પ્રીન્ટિંગ પ્રેસમાં
લલ્લુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપ્યું.

ગોળથી મધુર થયેલા લાડુમાં ગોળનું મધુરપણું ક્રમથી અગ્નિમાંથી અને ગોળમાંથી આવે છે તેમ અંતઃકરણમાં પ્રતીત થતો જ્ઞાનધર્મ ચેતનમાંથી આવે છે. જેમ કોઈ અલ્પવિવેકવાળા મનુષ્યો સ્થૂલશરીરને ચેતનાવાળું જોઇને સ્થૂલશરીરને આત્મા માને છે, અને બીજા કોઇ અલ્પવિવેકવાળા મનુષ્યો કર્મેન્દ્રિયોમાં કમ કરવાનું સામર્થ્ય જોઇને તથા જ્ઞાનેંદ્રિયોમાં જ્ઞાનધર્મ જોઈને તેમને આત્મા માને છે, તેમ કોઇ અલ્પવિવેકવાળા મનુષ્યો મન તથા બુદ્ધિ આદિમાં જ્ઞાનધર્મ જોઇને તેમને આત્મા માને છે. એ સર્વની સમજ શ્રુતિ, સ્મૃતિ, વિવેકીઓનો અનુભવ ને યુક્તિથી વિરુદ્ધ હોવાથી ભ્રાંતિજન્ય છે.

સ્થૂલશરીરનું રક્ષણ કરનાર અને ક્રિયાભેદે ને સ્થાનભેદે પ્રાણ, અપાન, સમાન, વ્યાન ને ઉદાન એ પાંચ નામવડે કહેવાતો મુખ્યપ્રાણ પણ આત્મા નથી, કેમકે તે આકાશાદિ પાંચ જડભૂતોના મળેલા ક્રિયાપ્રધાન અંશમાંથી ઉત્પન્ન થયેલો છે. જોકે મુખ્યપ્રાણના સદ્ભાવથી સ્થૂલશરીર ચેતનાવાળું જણાય છે, ને તેના અભાવમાં તે ચેતનારહિત શવરૂપ થાય છે; તેના સદ્ભાવથી દશ ઇંદ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરી શકે છે, ને તેના અભાવમાં કોઇ પણ ઇંદ્રિય પોતાના વિષયને ગ્રહણ કરી શકતી નથી; અને તેના સદ્ભાવથી સ્ફુરણ, મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર પોતપોતાનું કામ કરી શકે છે, ને તેના અભાવમાં તેઓ પોતપોતાનું કામ કરી શકતાં નથી, તોપણ જેમ પ્રધાનવડે રાજ્યનાં સર્વકામોનો નિર્વાહ થતાં છતાં પણ તે રાજાને વશ વર્તનાર હોવાથી રાજા નથી, તેમ મુખ્યપ્રાણવડે સ્થૂલશરીરાદિ સર્વ પોતપોતાનું કામ કરવામાં સમર્થ થાય છે છતાં તે જડ ને આત્માની સત્તાવડે સત્તાવાળો હોવાથી આત્મા નથી.

પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, અંતઃકરણ ને મુખ્યપ્રાણ એ

સર્વના સમૂહને સૂક્ષ્મશરીર એવું નામ આપવામાં આવે છે. આ સૂક્ષ્મશરીર પાંચ સૂક્ષ્મભૂતોના કાર્યરૂપ હોવાથી તથા સ્થૂલશરીરના કરતાં સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મશરીર એવા નામવડે ઓળખાય છે. સ્થૂલશરીરને અન્નમયકોશ પણ કહેવામાં આવે છે. સ્થૂલશરીરની અન્નના કાર્યરૂપ શુક્ર તથા શોણિતમાંથી ઉત્પત્તિ થાય છે, તથા તે શરીર પ્રધાનપણે અન્નવડે જીવતું રહે છે, અને પ્રારબ્ધકર્મની સમાપ્તિએ તે શરીર અન્નની ઉત્પત્તિના કારણરૂપ પૃથિવીમાં લીન થાય છે તથા તે અન્નમય તથા મ્યાન જેમ તરવારને ઢાંકે છે તેમ તે શરીર આત્માને ઢાંકે છે માટે તે કોશ—ઢાંકનાર—કહેવાય છે. સૂક્ષ્મશરીરમાં પ્રાણમય, મનોમય ને વિજ્ઞાનમય એવા ત્રણ કોશ છે. મુખ્યપ્રાણના પેટા વિભાગરૂપ પાંચ પ્રકારના પ્રાણો તથા પાંચ કર્મેંદ્રિયો મળીને પ્રાણમયકોશ (મુખ્યપ્રાણના પેટાવિભાગરૂપ પાંચ પ્રકારના પ્રાણોનું જેમાં વિશેષપણું છે એવો કોશ) થાય છે, મન ને પાંચ જ્ઞાનેંદ્રિયો મળીને મનોમયકોશ (મનનું જેમાં પ્રધાનપણું છે એવો કોશ) થાય છે, અને બુદ્ધિ ને પાંચ જ્ઞાનેંદ્રિયો મળીને વિજ્ઞાનમયકોશ (વિજ્ઞાન—બુદ્ધિ—જેમાં મુખ્ય છે એવો કોશ) થાય છે. આ સૂક્ષ્મશરીર અપંચીકૃત—સૂક્ષ્મ—પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી જડ છે, આત્મા નથી.

પાંચ પંચીકૃત ભૂતો પાંચ અપંચીકૃત ભૂતોમાંથી થયેલાં છે. એ પાંચ પંચીકૃત ભૂતોના કાર્યરૂપ સ્થૂલશરીર તથા પાંચ અપંચીકૃત ભૂતોના કાર્યરૂપ સૂક્ષ્મશરીર એ બંને શરીરો કારણશરીરરૂપ અવિદ્યાના અંશમાંથી થયાં છે. બધા સ્થૂલ જડ પદાર્થોના કારણરૂપ સ્થૂલ—પંચીકૃત—ભૂતો છે, અને બધા સૂક્ષ્મ જડ પદાર્થોના કારણરૂપ સૂક્ષ્મ—અપંચીકૃત—ભૂતો છે. આ અપંચીકૃત ભૂતો અવિદ્યામાંથી આકાશાદિ ક્રમે ઉપજ્યાં છે. આકાશના કરતાં સમષ્ટિઅવિદ્યા (સઘળું અજ્ઞાન)

વધારે વ્યાપક છે. એક એક સ્થૂલસૂક્ષ્મશરીરમાં કારણરૂપે રહેલો સમષ્ટિઅવિદ્યાનો અંશ વ્યષ્ટિઅવિદ્યા કહેવાય છે. વ્યષ્ટિઅવિદ્યારૂપ કારણશરીર પણ જડ હોવાથી ચેતનરૂપ આત્મા નથી. જેમ અધિષ્ઠાનરૂપ ચેતનના સદ્ભાવથી ને તેના સદાદિ સ્વભાવોનું તેમાં સંક્રમણ થયેલું હોવાથી સૂક્ષ્મશરીર ચેતનના જેવું જણાય છે તેમ અધિષ્ઠાનરૂપ ચેતનના સદ્ભાવથી ને તેના સદાદિ સ્વભાવોનું તેમાં સંક્રમણ થયેલું હોવાથી બંને અવિદ્યા–અજ્ઞાન–પણ ચેતનના જેવી પ્રતીત થાય છે. વ્યષ્ટિઅવિદ્યા સ્થૂલશરીરનું તથા સૂક્ષ્મશરીરનું સ્થૂલસૂક્ષ્મભૂતોદ્વારા કારણ હોવાથી કારણશરીર પણ કહેવાય છે. એ સ્થિતિમાં બીજરૂપ થયેલા અંતઃકરણવિષે દુઃખરહિત અજ્ઞાનાવૃત નિરુપાધિક આનંદનો ઘણો આવિર્ભાવ થયેલો હોવાથી એ કારણશરીરને આનંદમયકોશ કહેવામાં આવે છે.

કારણશરીર, કારણશરીરે રોકેલો બ્રહ્મનો અંશ અને કારણશરીરમાં સામીપ્ય તથા યોગ્યતાથી આવિર્ભાવ પામેલા બ્રહ્મના સદાદિ સ્વભાવો એ ત્રણ પદાર્થોની મિશ્ર થયેલાજેવી એક સ્થિતિ તે જીવ કહેવાય છે. એ જીવ વ્યાવહારિકસત્તાવાળો છે, વ્યવહારકાલે તે જીવ કારણશરીરમાં, સૂક્ષ્મશરીરમાં અને સ્થૂલશરીરમાં પ્રાપ્ત પ્રસંગને અનુસરીને તેમને પોતાનું સ્વરૂપ માની હુંપણાનું અભિમાન કરે છે. જીવમાં બ્રહ્મનો જે શુદ્ધ (અમિશ્ર) અંશ છે તે ચેતનરૂપ હોવાથી તે જીવનું વાસ્તવિક સ્વરૂપ છે, પણ અજ્ઞાનકાલે અનાદિ અજ્ઞાનના પ્રાબલ્યથી જીવને પોતાના તે વાસ્તવિક સ્વરૂપનું ભાન હોતું નથી તેથી તે કારણશરીરને, અથવા સૂક્ષ્મશરીરના કોઇ એક અવયવને, અથવા સ્થૂલશરીરને પોતાનું સ્વરૂપ માને છે. જીવનો આ જીવભાવ જ્યાંસુધી પોતાના શુદ્ધસ્વરૂપનું પોતાના સમર્થ સદ્ગુરુના કારુણ્યથી અને

પોતાના અંતઃકરણની અંતર્મુખવૃત્તિથી દઢ ભાન ન થાય ત્યાંસુધી સ્થિર રહે છે. જીવમાં રહેલા ઉપર જણાવેલા બે જડાંશ પણ જડરૂપ હોવાથી આત્મા નથી. એવી રીતે વ્યાવહારિક જીવ પણ આત્મા નથી.

જેમ લોઢામાં ભળવાથી અગ્નિને પણ ઘણના પ્રહાર સહન કરવા પડે છે તેમ સ્થૂલશરીરાદિ જડમાં આત્માની ભ્રાંતિ કરવાથી તે ભ્રાંતાત્માને પણ દુઃખના પ્રહારો સહન કરવાના જેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. સુખેચ્છુ આવી સ્થિતિને શામાટે આવવા દે ? જ્યાંસુધી મનુષ્ય સ્થૂલશરીરમાં, ઇંદ્રિયોમાં, અંતઃકરણમાં, મુખ્યપ્રાણમાં, કારણ-શરીરમાં કે જીવના વ્યાવહારિકસ્વરૂપમાં તેમાંના કોઇ એકને કે તે સર્વને પોતાનું સ્વરૂપ માની આત્માનું એટલે હુંપણાનું અભિમાન કરે છે ત્યાંસુધી તે મનુષ્ય મિથ્યાજ્ઞાનને વશ વર્તતો હોવાથી સર્વ દુઃખોથી રહિત પરમાનંદરૂપે સ્થિતિ કરવા ભાગ્યશાલી થતો નથી, માટે તમારે એ જડમાં કદીપણ આત્માની–હુંપણાની–બુદ્ધિ ન કરવી, પણ એ સર્વના પ્રકાશક સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળા અંતરાત્મામાં વા પ્રત્યક્તત્ત્વમાં હુંપણાની એટલે આત્માની બુદ્ધિ સુસ્થિર કરવી.

દેહાદિ જડ પદાર્થોમાં તમને અનાદિકાલથી આત્માની ભ્રાંતિ સ્થિર થઇ છે તે ભ્રાંતિ તુરતજ નિવૃત્ત થવી શક્ય નથી, માટે તમારે 'હું દેહાદિરૂપ જડ નથી; પણ ચેતનરૂપ આત્મા છું', આવી આત્મભાવના દીર્ઘકાલ નિરંતર આદરપૂર્વક કર્યા કરવી જોઇએ. એ આત્મભાવનાનો પરિપાક થતાં આત્માનો સાક્ષાત્કાર થઇ દેહાદિમાં રહેલી આત્માની ભ્રાંતિ નિવૃત્ત થશે.

દેહાદિ અપવિત્ર ને જડ પદાર્થમાં હુંપણાની બુદ્ધિ રાખી જીવવું તે ચમારની અથવા ખાટકીની પેઠે દુર્ગંધવાળા શરીરે–મલિનપણે–જીવવું છે અને પરમપાવન ને સચ્ચિદાનંદરૂપ આત્મામાં હુંપણાની

બુદ્ધિ રાખી જીવવું તે ઉંચી જાતનાં અત્તરો વેચનારા અત્તરીઆની પેઠે સુગંધવાળા શરીરે–પવિત્રપણે–જીવવું છે.

જો તમારા મનને સંપૂર્ણ સમાધાનની, પરિપૂર્ણ શાંતિની અને અવધિરહિત નિરુપમ સુખની પ્રાપ્તિવાળું કરવું હોય તો તમારે અચલ, પ્રશાંત ને આનંદઘન આત્મામાંજ આત્માની બુદ્ધિ સુસ્થિર કરવા પ્રયત્ન કરવો જોઇએ. દેહાદિમાં આત્માની બુદ્ધિ રાખી રાગપૂર્વક અપવિત્ર હાડચામનું સેવન કરવાથી કે જનસમૂહમાં સોનારૂપાને નામે ઓળખાતા પદાર્થના કડકાઓના ઢગલાઓના સ્વામી થવાથી કે લોકોના બહુમાન આપવારૂપ પૂજનથી તમારા મનને સાચું સમાધાન, સાચી શાંતિ ને સાચું સુખ મળવાનો લગારે સંભવ નથી.”

શિષ્ય પૂછે છેઃ—“ હે કરુણાનિધે ! ચેતનરૂપ આત્મામાં દેહાદિ જડને વિષે હુંપણાનું અભિમાન કરાવનારી ભ્રાંતિ અથવા અજ્ઞાન કયા કારણથી અને કયા સમયથી ઉપજ્યું હશે ? અને જો સૂર્યમાં તેનો વિરોધી અંધકાર રહી શકતો નથી તો ચેતનમાં તેનું વિરોધી અજ્ઞાન શી રીતે રહી શકતું હશે ? આ શંકા મારા અંતઃકરણમાં ઉદ્ભવે છે તો તેનો સમૂલ ઉચ્છેદ કરવા આપ કૃપા કરશો, એવી હું આશા રાખું છું.

શ્રીસદ્‌ગુરુ કહે છેઃ—“ હે સુમતે ! જેમ મનુષ્ય જ્યારે નિદ્રાના આગમનથી પોતાનું વ્યાવહારિકસ્વરૂપ ભૂલે છે ત્યારે તેની પોતાના વ્યાવહારિકશરીરમાંથી હુંપણાની બુદ્ધિ દૂર થઈ તેને સ્વપ્નના પ્રાતિભાસિકસ્વરૂપમાં હુંપણાની બુદ્ધિનો ઉદય થાય છે તેમ–જ્યારે વ્યાપક ચેતનરૂપ બ્રહ્મના કલ્પિત અંશરૂપ કૂટસ્થ વા આત્મા પોતાને આશરે રહેલા અનાદિ અજ્ઞાનના વિજૃંભણથી પોતાનું પારમાર્થિકસ્વરૂપ ભૂલે છે ત્યારે અજ્ઞાનના કાર્યરૂપ મનના વિજૃંભણવડે તેને વ્યાવહારિક

સ્થૂલશરીરાદિમાં હુંપણાની બુદ્ધિનો ઉદય થાય છે. એવી રીતે પોતાના પારમાર્થિકસ્વરૂપનું અનાદિ અજ્ઞાનના બલથી અનાદિ કાલથી વિસ્મરણ થવાથી અને અનાદિ વાસનાવાળા અજ્ઞાનના કાર્યરૂપ મનનું વિજૃંભણ થવાથી આત્મા અજ્ઞાનનાજ સામર્થ્યથી પ્રતીત થયેલા સ્થૂલશરીરાદિમાં હુંપણાની બુદ્ધિ કરે છે. આ ભ્રાંતિ અનાદિ કાલથી ઉદય પામેલી છે એમ માનવામાં આવે છે. આમ શામાટે થતું હશે? એવી શંકાનો ઉદય થાય તો તેનું સમાધાન આ પ્રમાણે સમજવું:— બ્રહ્મના સદાદિ એ વાસ્તવિક અને અવિકારી સ્વભાવો છે, ને તેના એકદેશમાં પ્રવર્તતો તેનો નામરૂપાદિરૂપે પ્રતીત થવાનો મિથ્યા ને વિકારી સ્વભાવ છે. આ મિથ્યા ને વિકારી સ્વભાવના બલથી શુદ્ધ આત્મામાં અસત્ દેહાદિની મિથ્યા કલ્પનાનો ઉદય થાય છે. આ મિથ્યા કલ્પનાની નિવૃત્તિ કલ્પિત જડનો અને તેના આધારભૂત સત્ ચેતનનો વિવેક કરવાથી થાય છે. જાગ્રદવસ્થાની પ્રાપ્તિવડે સ્વપ્નની નિવૃત્તિ થવાથી જેમ નિદ્રાના બલથી સ્વપ્નકાલે પ્રાતિભાસિક શરીરાદિમાં જે હુંપણાની ભ્રાંતિ ઉપજી હતી તે ભ્રાંતિ દૂર થઈ જાગ્રત્માં પ્રતીત થતાં વ્યાવહારિક શરીરાદિમાં હુંપણાનો નિશ્ચય ઉદય થઈ સ્થિર થાય છે તેમ અજ્ઞાનકાલે અજ્ઞાનનાં બલથી અંતઃકરણની જાગ્રદવસ્થામાં પ્રતીત થતાં વ્યાવહારિક સ્થૂલશરીરાદિમાં જે હુંપણાની ભ્રાંતિનો ઉદય થઇ તેની સ્થિરતા થઇ હતી તે ભ્રાંતિ ઉત્કૃષ્ટ વિવેકવડે અંતઃકરણને તુર્યાવસ્થાની પ્રાપ્તિ થતાં શુદ્ધાત્મામાં હુંપણાની બુદ્ધિનો ઉદય થઈ સ્થિર થાય છે; ને તે શુદ્ધાત્માનું જ્ઞાન વ્યાવહારિક શરીરાદિમાં ઉપજેલી હુંપણાની ભ્રાંતિને દૂર કરે છે. અજ્ઞાન અઘટિતઘટના કરવામાં પરમચતુર મનાય છે. જેમ વર્ષાઋતુમાં સૂર્યને આધારે રહેલાં આકાશના અલ્પ સ્થાનવાળાં વાદળાંએ સૂર્યને ઢાંકી દીધો હોય એમ જણાય

છે તેમ અજ્ઞાનકાલે આત્માને આશરે રહેલા આચ્છાદન—આવરણ—કરવાના સ્વભાવવાળા અજ્ઞાને આત્માને ઢાંકી દીધો હોય એમ જણાય છે. અજ્ઞાનના એ આવરણનામના સ્વભાવથી આત્માને પોતાનું વાસ્તવિક સ્વરૂપ ઢંકાયાજેવું વા ભૂલાયાજેવું થતાં એ અજ્ઞાનના વિક્ષેપનામના સ્વભાવથી આત્માને સૂક્ષ્મશરીરમાં ને સ્થૂલશરીરમાં તે મારું સ્વરૂપ છે એવી ભ્રાંતિનો ઉદય થાય છે, ને જ્યાંસુધી આત્માના યથાર્થ સ્વરૂપનું મનુષ્યને દૃઢ જ્ઞાન ન થાય ત્યાંસુધી તે ભ્રાંતિ સ્થિર રહે છે. જેમ સ્વપ્નકાલે પ્રતીત થતા સ્વપ્નના પ્રાતિભાસિક શરીરમાં હુંપણાની ભ્રાંતિ ક્યારે ઉપજી તે સ્વપ્નકાલે નક્કી કરી શકાય નહિ, પણ તે ભ્રાંતિ અનાદિ છે એમ તે કાલે પ્રતીત થાય, તથા તે જ્ઞાન ભ્રાંતિરૂપ છે એમ પણ તે કાલે સમજાય નહિ, પરંતુ તે જ્ઞાન સત્ય છે એમ સમજાય, અને જાગ્યા પછી જ્યારે મારું પોતાનું વ્યાવહારિક સ્વરૂપ ભૂલાયું ત્યારે એ ભ્રાંતિજ્ઞાન ઉદય પામ્યું હતું એમ સમજાય છે તેમ અજ્ઞાનકાલે સત્યરૂપે પ્રતીત થતા પોતાના સ્થૂલશરીરમાં હુંપણાની ભ્રાંતિ ક્યારે ઉપજી તે અજ્ઞાનકાલે અજ્ઞાની મનુષ્યથી નક્કી કરી શકાય નહિ, પણ તે ભ્રાંતિ અનાદિ છે એટલુંજ માત્ર તે કાલે તેનાથી ને અન્યથી કહી શકાય, તથા આ હુંપણાનું જ્ઞાન ભ્રાંતિરૂપ છે એમ પણ તે વેલા તેનાથી સમજી શકાય નહિ, પરંતુ તે સત્યજ્ઞાન છે એમ તેનાથી સમજાય. જ્યારે પોતાના પૂજ્ય શ્રીસદ્‌ગુરુની અમોઘ કૃપા થાય ને પોતાના અંતઃકરણની અંતર્મુખવૃત્તિ થાય ત્યારે તે અંતઃકરણની વૃત્તિ આત્માપરના અજ્ઞાનકૃત આવરણનો ભંગ કરી આત્માકાર થાય છે. અંતઃકરણની આવી અવસ્થા તુર્યાવસ્થા કહેવાય છે. એ તુર્યાવસ્થાની પ્રાપ્તિ થયે આત્મામાં હુંપણાની બુદ્ધિ ઉદય પામી સ્થિર થાય છે, અને વ્યાવહારિક સ્થૂલ-

શરીરાદિમાંથી હુંપણાની બુદ્ધિ નિવૃત્ત થાય છે. આ વેલા તે જ્ઞાનીના અંતઃકરણને સ્પષ્ટ સમજાય છે કે જે વેલા અજ્ઞાનના આવરણ-સ્વભાવવડે મારું આ આત્મસ્વરૂપ ભૂલાયું તે વેલા અજ્ઞાનના વિક્ષેપ-નામના સ્વભાવવડે આ સ્થૂલશરીરાદિમાં મને હુંપણાનું મિથ્યાજ્ઞાન ઉપજ્યું હતું.

ઉત્તમમુમુક્ષુએ પોતાના સ્થૂલશરીરાદિમાં હુંપણાનું મિથ્યાજ્ઞાન ક્યારે ને કયા કારણથી ઉપજ્યું તેનો વિચાર કરવામાં પોતાના જીવનનો મૂલ્યવાન્ સમય વ્યર્થ વ્યતીત નહિ કરતાં તે મિથ્યાજ્ઞાન ગમે તે સમયમાં ને ગમે તે કારણથી ઉપજ્યું હોય, પણ તેની નિવૃત્તિ કર્યા વિના દુઃખની નિત્યનિવૃત્તિ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિ થવાનો સંભવ નથી એમ સમજી તે મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ કરનારાં પ્રમાણભૂત શાસ્ત્ર ને પોતાના શ્રીસદ્‌ગુરુએ કહેલાં સાધનોનું અનુષ્ઠાન તે મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ થતાસુધી અડગ શ્રદ્ધા ને અવિચલ ઉમંગથી નિરંતર કર્યા કરવું જોઇએ.

હવે ચેતનસ્વભાવવાળા અથવા પ્રકાશસ્વભાવવાળા આત્મામાં અજ્ઞાન કેવી રીતે રહી શકે છે તે તમારી શંકાનું સમાધાન કરાય છે તે તમે સાવધાન થઇને એકાગ્ર મનથી સાંભળોઃ—પ્રકાશ બે પ્રકારનો છે, એક સામાન્ય ને બીજો વિશેષ. જેમ સામાન્ય પ્રકાશ તેજસ્તત્ત્વ-રૂપે વાયુના એકદેશમાં સર્વત્ર વ્યાપક છતાં પણ તે પ્રકાશ અંધકારને દૂર કરતો નથી, પણ ઊલટો તે અંધકારને આશ્રય આપે છે, અને સૂર્યાદિ અધિકરણમાં રહેલો વિશેષ પ્રકાશ અંધકારને દૂર કરે છે, તેમ વ્યવહારપક્ષે ચેતન પણ બે પ્રકારનું માનવામાં આવે છે, એક સામાન્ય ને બીજું વિશેષ. તેમાં સર્વવ્યાપક સત્તાસ્વભાવવાળું સામાન્યચેતન પ્રાક્પ્રાગભાવાદિનાના અજ્ઞાનને દૂર કરતું નથી, પણ પોતાના

સદ્ભાવથી અજ્ઞાનના સદ્ભાવની સિદ્ધિ કરે છે, અને બ્રહ્મદર્શી પુરુષના અંતઃકરણની બ્રહ્મસાક્ષાત્કારવાળી મનોવૃત્તિના અગ્રભાગમાં રહેલું ને વ્યવહારપક્ષે વિશેષચેતનને નામે ઓળખાતું ચેતન અજ્ઞાનને દૂર કરે છે,–ત્યાં અજ્ઞાન રહી શકતું નથી. અંતઃકરણની સુષુપ્તિઅવસ્થામાં સામાન્યચેતન વિદ્યમાન છતાં પણ ત્યાં અજ્ઞાન રહી શકે છે એમ જાગ્યા પછી 'મેં કાંઇ જાણ્યું નહિ' એવા સ્મરણથી નક્કી કરાય છે, તેથી સિદ્ધ થાય છે કે સામાન્યચેતન અજ્ઞાનનું વિરોધી નથી. વળી 'હું અજ્ઞાની છું' આવો અજ્ઞાની મનુષ્યોને થતો અનુભવ પણ હુંમાં–આત્મામાં–સામાન્યચેતનમાં–અજ્ઞાન રહી શકે છે, અર્થાત્ તે ચેતન અજ્ઞાનનું વિરોધી નથી એમ સિદ્ધ કરે છે. જ્યારે તમારા અંતઃકરણની વૃત્તિ અજ્ઞાનકૃત આવરણનો ભંગ કરી આત્માનો સાક્ષાત્કાર કરવા સમર્થ થશે ત્યારે તમને સ્વાનુભવથી જણાશે કે સ્વયંપ્રકાશ સામાન્યચેતનને આશ્રરે અજ્ઞાન રહી શકે છે, ને જ્યારે ઉત્તમમુમુક્ષુને આત્માનું અપરોક્ષજ્ઞાન થાય છે ત્યારે તે અજ્ઞાન નિવૃત્ત થઇ જાય છે.

તમે સ્થૂલાદિ ત્રણ શરીરના અથવા અન્નમયાદિ પાંચ કોશોના સાક્ષી છો, પ્રાણીઓના અંતઃકરણમાં રહી તે અંતઃકરણના ને અંતઃકરણની વૃત્તિઓના પણ સાક્ષી છો, વ્યાપક છતાં અસંગ છો, વૃત્તિરહિત શુદ્ધચેતનરૂપ છો; ત્રણ શરીરથી વિલક્ષણ સત્સ્વભાવવાળા છો, મન તથા વાણીના અવિષયરૂપ ને તેનાથી પર રહેનારા છો, પરમાનંદરૂપ છો, અવિકારી છો, ને ક્ષુધાતૃષાદિ સંસારના સર્વધર્મોથી અત્યંત રહિત છો, જીવરૂપ કે શૂન્યરૂપ નથી."

શિષ્ય પૂછે છેઃ–"હે પરમાનંદરૂપ! હે પરમોદાર! હે સર્વજ્ઞ! હે મુમુક્ષુઓના પરમહિતેચ્છો! આપશ્રીની અગાધ ને અમોઘ કૃપાવડે

મારા અંતઃકરણને સમજાવું કે મારા શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપમાં સ્થૂલાદિ ત્રણ શરીરોનો તથા તે ત્રણ શરીરોના ધર્મોનો ત્રણે કાલમાં વાસ્તવિક સંબંધ નથી, હું તેમની સાથે માત્ર કલ્પિત સંબંધવાળો ને તેમનો અસંગ ને અવિકારી રહીને પ્રકાશક છું શરીરની બાલ્યાદિ અવસ્થાઓ, અંતઃકરણની જાગ્રદાદિ અવસ્થાઓ, ક્ષુધાતૃષા ને સુખદુઃખ એ સર્વ મારા શુદ્ધસ્વરૂપમાં ત્રણે કાલમાં નથી, શરીરાદિ જડસમૂહમાં તે ભલે હોય, ને વ્યાવહારિક જીવ વ્યવહારકાલે ભલે તે પોતાના વ્યાવહારિક ધર્મો માનતો હોય, તેથી મને કાંઇ પણ હાનિલાભ નથી, પરંતુ આ અપારજેવું સ્પષ્ટ પ્રતીત થતું જગત્ જે રૂપે મનુષ્યોને પ્રતીત થાય છે તે રૂપે તે સત્ય નથી, પણ તે વસ્તુતાએ તેના મૂલકારણરૂપે એટલે બ્રહ્મરૂપે સત્ય છે, તે મારા અંતઃકરણને હજી જેવું સ્પષ્ટ સમજાવું જોઇએ તેવું સ્પષ્ટ સમજાતું નથી, તો આપશ્રી પોતાશ્રીનાં અમોઘ સામર્થ્યવાળાં વચનોવડે મને તે વાત સ્પષ્ટ સમજાવવા કૃપા કરશો એમ હું દીનભાવે પ્રાર્થના કરું છું."

શ્રીસદ્‌ગુરુ કહે છેઃ– " હે વિવેકિન્ ! અનાદિકાલની ભ્રાંતિવડે દેહાદિમાં આરૂઢ થઇ રહેલી હુંપણાની બુદ્ધિ તમે ત્યજી તે બહુ સારું કર્યું. હવે તમે એકાંતસ્થલમાં સુયુક્તિઓથી અવશેષ રહેલા સંશયોની નિવૃત્તિ થતાસુધી પુનઃ તેનું મનન કરી. પછી એકાંતસ્થલમાં આત્માકારવૃત્તિઓનો પ્રવાહ સતત ચલાવી દેહાદિમાંથી આત્માની–હુંપણાની–ભ્રાંતિ નિઃશેષ નિવૃત્ત કરી તમારા શુદ્ધસ્વરૂપનો દઢ સાક્ષાત્કાર કરશો. મુમુક્ષુએ જેમ દેહાદિમાંથી હુંપણાની બુદ્ધિ ત્યજી દેવી જોઇએ તેમ પ્રતીત થતા આ જગત્‌માંથી સત્યપણાની બુદ્ધિ પણ ત્યજી દેવી જોઇએ. વ્યવહારકાલે પ્રતીત થતા આ જગત્‌માંથી સત્યપણાની બુદ્ધિ દૂર કરવાના શાસ્ત્રોક્ત ત્રણ ઉપાયો છે. તેમાંનો કોઇ એક ઉપાય જો તમારા

અંતઃકરણને વિશેષ અનુકૂલ જણાય તે ઉપાયનો આ જગતના મિથ્યાપણાનો સુદૃઢ નિશ્ચય તમારા અંતઃકરણમાં ઉદય પામે ત્યાંસુધી તમારે નિરંતર પરમપ્રીતિથી અભ્યાસ કરવો જોઇએ. જેમ રંગરહિત આકાશ તેના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી જોનારને નીલરંગનું ભાસે છે, જેમ ખારી ભૂમિપર પડતાં સૂર્યનાં કિરણો તેના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી જોનારને જલરૂપે (મૃગજલરૂપે) દેખાય છે, જેમ મંદ અંધકારમાં સમીપ સંમુખ પડેલી દોરડી તેના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી જોનારને સર્પાદિરૂપે ને દૂર રહેલું ઠુંઠું તેના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી જોનારને પુરુષરૂપે પ્રતીત થાય છે, અને જેમ પ્રકાશવાળા દિવસે સંમુખ દૂર પડેલી છીપ તેના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી જોનારને રૂપારૂપે પ્રતીત થાય છે, તેમ નામરૂપાત્મક જગતના અધિષ્ઠાનરૂપ બ્રહ્મ તેના વિશેષસ્વરૂપના અનાદિકાલના અજ્ઞાનરૂપ ભ્રાંતિથી ને અનાદિકાલની જગતની વાસનાથી અજ્ઞાની મનુષ્યોને જગદ્રૂપે પ્રતીત થાય છે. જેમ આકાશાદિમાં નીલરંગાદિ ત્રણે કાલમાં નથી, માત્ર ભ્રાંતિથીજ જોનારને તે પ્રતીત થાય છે તેમ બ્રહ્મરૂપ ચિદાકાશમાં ત્રણે કાલમાં અજ્ઞાનીઓને સદ્રૂપે જણાતું જગત્ નથી, માત્ર અનાદિકાલની ભ્રાંતિથીજ અજ્ઞાની મનુષ્યોને તે પ્રતીત થાય છે. આવા વિચારની પરંપરા જ્યાંસુધી દૃશ્ય જગતના મિથ્યાપણાનો તમારા અંતઃકરણને દૃઢ અનુભવ થાય અને તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો તમારા અંતઃકરણને સ્પષ્ટ સાક્ષાત્કાર થાય ત્યાંસુધી નિરંતર પરમાદરથી ચલાવ્યા કરવી આ. આ જગતમાંથી સત્યપણાની બુદ્ધિ દૂર કરવાનો પહેલો ઉપાય છે. પ્રતીત થતા સર્વ નામરૂપવાળા ભૌતિક પદાર્થો પંચીકૃત પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી પંચીકૃત પાંચ ભૂતરૂપ કારણથી તે ભૌતિક પદાર્થો ભિન્ન નથી. તે પંચીકૃત પાંચ ભૂતો અપંચીકૃત પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી કારણરૂપ

અપંચીકૃત ભૂતોથી ભિન્ન નથી. તે અપંચીકૃત પાંચ ભૂતોમાં પૃથિવી પોતાના કારણ જલથી ભિન્ન નથી, જલ પોતાના કારણ તેજથી ભિન્ન નથી, તેજ પોતાના કારણ વાયુથી ભિન્ન નથી, ને વાયુ પોતાના કારણ આકાશથી ભિન્ન નથી. એ આકાશ માયાનું કાર્ય હોવાથી માયારૂપ પોતાના કારણથી તે ભિન્ન નથી. માયા સચ્ચિદાનંદરૂપ બ્રહ્મને આશરે રહેલી હોવાથી તે માયા બ્રહ્મથી ભિન્ન નથી. એવી રીતે હું, તું, આ ને તે એવા સર્વ વ્યાવહારિક ભેદો અને જોવામાં ને સાંભળવામાં આવતા સર્વ પ્રાણિપદાર્થો બ્રહ્મથી ભિન્ન નથી, પણ બ્રહ્મરૂપજ છે, આમ અંતરબહાર વ્યાપી રહેલા એક સૂક્ષ્મ બ્રહ્મની ભાવના જ્યાંસુધી તમારા અંતઃકરણને માયામાં ને તેના કાર્યરૂપ સર્વ જગતમાં મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય થાય, અને સર્વાંતરતમ પરમસૂક્ષ્મ બ્રહ્મનો સુદૃઢ અનુભવ તમારા અંતઃકરણને થાય ત્યાંસુધી તમારે લેશ પણ સંશયવિપર્યયને તમારા અંતઃકરણમાં અવકાશ નહિ આપી નિત્ય નિરંતર આદરપૂર્વક કર્યા કરવી આ આ દૃશ્ય પ્રપંચમાંથી સત્યપણાની બુદ્ધિ દૂર કરવાનો બીજો ઉપાય છે. મનુષ્યાદિને પ્રતીત થતા સર્વ પ્રાણિપદાર્થોમાં પાંચ અંશ પ્રતીત થાય છે, અસ્તિ, ભાતિ, પ્રિય, નામ ને રૂપ. તેમાં નામ ને રૂપ પ્રત્યેક પ્રાણિપદાર્થમાં ભિન્ન ભિન્ન હોવાથી તે માયાના અંશરૂપ ગણાય છે. જ્યાં પ્રતીત થતા કોઇ સજાતીય પ્રાણિપદાર્થોમાં રૂપના સરખાપણાની પ્રતીતિ થાય ત્યાં સૂક્ષ્મદૃષ્ટિવડે જોવાથી તેમના રૂપમાં તમને કાંઇક પણ વિલક્ષણતા જોવામાં આવશે, એટલે તેમનું રૂપ એક નથી એમ તમને નક્કી થશે. જ્યાં નામના એકપણાની તમને પ્રતીતિ થાય ત્યાં પણ તે નામ તેનો આગળપાછળનો સંબંધ ને તેનું વિશેષસ્વરૂપ વિચારવાથી અથવા તે નામ તે વ્યક્તિનું નથી, પણ તેની જાતિનું છે

એમ વિચારવાથી પ્રત્યેક પ્રાણિપદાર્થનું નામ ભિન્ન ભિન્ન છે, વા તે ભિન્ન ભિન્ન હોવું જોઇએ, એમ તમને સ્પષ્ટ સમજાશે. એ નામ-રૂપ વ્યવહારમાં તેની સિદ્ધિમાટે ઉપયોગી હોવાથી વ્યવહારપૂરતાં સત્ય મનાય છે, પણ શાસ્ત્રીયદૃષ્ટિએ તે વાસ્તવિક સત્ય ગણાતાં નથી. એવી રીતે સર્વ પ્રાણિપદાર્થોનાં નામરૂપ માયિક હોવાથી મિથ્યા છે એવો નિર્ણય થાય છે, અને સર્વ પ્રાણિપદાર્થોમાં જે અસ્તિ, (સત્–છે,) ભાતિ (ચિત્–જણાય છે) અને પ્રિય (આનંદરૂપ–પ્રથમ પ્રતીતિએ સુખરૂપ) આ ત્રણ અંશો રહેલા છે તે સર્વ પ્રાણિપદાર્થોમાં ભિન્ન ભિન્ન નથી, પણ તે સર્વમાં એકરૂપજ છે, ને તે બ્રહ્મના સ્વભાવો હોવાથી અનાદિઅનંત છે. સર્વ પ્રાણિપદાર્થોમાં રહેલા તે ત્રણ અંશો માયાના નથી, પણ બ્રહ્મના છે, તેથી તે સર્વ વસ્તુતાએ બ્રહ્મરૂપજ છે એમ નક્કી થાય છે.

સદંશને લીધે સર્વવસ્તુઓનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, ચિદંશને લીધે તે અંતઃકરણના ને જ્ઞાનેંદ્રિયોના વિષયરૂપ થાય છે, તથા તે ચિદંશના સદ્ભાવથીજ અંતઃકરણ ને જ્ઞાનેંદ્રિયો દૃશ્યને જાણવાનાં સામર્થ્યવાળાં થાય છે, અને પ્રિયાંશને લીધે સર્વ પ્રાણિપદાર્થો તેમને જોનારને પહેલી દૃષ્ટિએ–તેના સામાન્યજ્ઞાનની વેલાએ–પ્રિયરૂપ–સુખરૂપ–પ્રતીત થાય છે. કોઇ કોઇ પ્રાણિપદાર્થના દર્શનથી જોનારા મનુષ્યને દ્વેષ, ખેદ કે ભય ઉત્પન્ન થાય છે ત્યાં પહેલી દૃષ્ટિએ તો તેમાં તેને સુખનું ભાન થયું હતું, પણ પછી અંતઃકરણની વૃત્તિ તે પ્રાણિ-પદાર્થભણી વધારે જતાં જોનારના અંતઃકરણમાં તેનું વિશેષ ભાન થઇ તેમાં પ્રતિકૂલતાનો પૂર્વાનુભવ સ્ફુરી આવી વા અન્યના કથનનું એવું સ્મરણ થઇ આવી તુરત બીજી દ્વેષાકાર, ખેદાકાર કે ભયાકાર વૃત્તિ ઉપજે છે, ને પ્રથમની સુખાકારવૃત્તિને આ વેગવાળી બીજી

વૃત્તિ દબાવી દે છે તેથી અવિવેકી જોનારાને ભાન નથી રહેતું કે મને પ્રથમ તો સુખાકારવૃત્તિ ઉપજી હતી, અને પછી વ્યવહારાનુભવના વા અન્યના કથનના સ્મરણના બલથી આ બીજી દ્વેષાકાર, ખેદાકાર કે ભયાકાર વૃત્તિ પ્રથમની વૃત્તિથી ભિન્ન ઉપજી છે. એવી રીતે પ્રત્યેક પ્રાણિપદાર્થમાં રહેલા નામરૂપ એ નામના બે અંશો કલ્પિત હોવાથી તેના મિથ્યાપણાનો નિશ્ચય વારંવાર આદરપૂર્વક કર્યા કરવાથી, અને પ્રત્યેક પ્રાણિપદાર્થમાં રહેલા અસ્તિ, ભાતિ ને પ્રિય એ નામના ત્રણ અંશો વાસ્તવિક હોવાથી તેનાજ સત્યપણાનો વારંવાર આદરપૂર્વક નિશ્ચય કર્યા કરવાથી, એવા અભ્યાસીને બ્રહ્મનો સાક્ષાત્કાર થઇ દૃશ્યનું મિથ્યાપણું સ્પષ્ટ અનુભવાય છે. આ આ દૃશ્ય જગત્‌ના મિથ્યાપણાને સ્પષ્ટ અનુભવવાનો અને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો ત્રીજો ઉપાય છે.

આ જગત્‌ના મિથ્યાપણાનો નિશ્ચય કરાવનારા ઉપર દર્શાવેલા ઉપાયો જાણ્યા છતાં પણ જ્યાંસુધી તે ઉપાયોમાં તેના માહાત્મ્યજ્ઞાનપૂર્વક પૂરી શ્રદ્ધા મનુષ્યના અંતઃકરણમાં પ્રકટે નહિ, ત્યાંસુધી તે ઉપાયોનું સેવન કરવામાં તે મનુષ્યનું અંતઃકરણ એકાગ્ર ને વેગવાળું થાય નહિ, અને જ્યાંસુધી તેનું અંતઃકરણ તે ઉપાયના સેવનમાં એકાગ્ર ને વેગવાળું ન થાય ત્યાંસુધી તે ઉપાયને પૂર્ણ સિદ્ધ કરવામાટે સદાગ્રહવાળો યથાયોગ્ય પ્રયત્ન તેનાથી થઈ શકે નહિ, અને જ્યારે તેમ ન થાય ત્યારે તે મનુષ્યના અંતઃકરણમાં જગત્‌ના મિથ્યાપણાનો નિશ્ચય સુસ્થિર થઇ શકે નહિ.

સંસારના સત્યપણાની ભ્રાંતિ જીવના અંતઃકરણમાં અનાદિ કાલથી છે. તે ભ્રાંતિ જ્યારે તેના મિથ્યાપણાનો વિચાર લાંબા સમયસુધી અન્ય વિપરીત વિચારો તે વિપરીત પ્રવૃત્તિઓનો પરિત્યાગ રાખી, પરમાદરપૂર્વક કર્યા કરવામાં આવે ત્યારેજ નિઃશેષ નિવૃત્ત

થાય છે. મુમુક્ષુના અંતઃકરણમાંથી એ ભ્રાંતિ જેમ જેમ ન્યૂન થતી જાય છે તેમ તેમ તેના શરીરની અંતર ને બહાર વ્યાપી રહેલ એક, અખંડ, એકરસ ને અદ્વૈતતત્ત્વની પ્રતીતિ તેના અંતઃકરણમ વધતી જાય છે. પરમકૃપાળુ પરમાત્માની, પરમોદાર સદ્ગુરુની સર્વ સંશયોનો ઉચ્છેદ કરનારાં મોક્ષશાસ્ત્રોની બહુમાનપૂર્વક અને પરમપ્રીતિપૂર્વક સેવા કરવાથી (તેમણે ઉપદેશેલા સદ્વિચારનું સદાચારનું ઉમંગપૂર્વક સતત પરિપાલન કરવાથી) મુમુક્ષુના અંતઃકરણની યોગ્યતા ક્રમથી વધતી જાય છે, ને તેમનો પરમહિતકર સદુપદેશ તેના અંતઃકરણમાં સુસ્પષ્ટ આવિર્ભાવ પામતો જાય છે. જેમન અંતઃકરણો પરમાત્માથી, પોતાના સદ્ગુરુથી ને મોક્ષશાસ્ત્રોથી વિમુખ હોય, તેવા માત્ર નામધારક મુમુક્ષુઓનાં અંતઃકરણોમાં તેમનો પરમ-હિતકર સદુપદેશ યથાર્થ સ્વરૂપમાં ક્યાંથી સ્ફુરે ? નજ સ્ફુરે. સંસારના પ્રાણિપદાર્થોમાં જેમનાં અંતઃકરણો ગાઢી આસક્તિવાળાં હોય, સંસારના વિષયોમાંજ જેમને સુખાનુભવ થતો હોય, અને સાંસારિક વિષયોની પ્રાપ્તિનાં સાધનોના સેવનમાંજ જેઓ પોતાનો સર્વ સમય વ્યતીત કરતા હોય એવા સ્થૂલ ને ચંચલ ચિત્તવાળા મનુષ્યો તત્ત્વનો અનુભવ કરાવનારાં સાધનોના સેવનમાં પ્રવૃત્તિ ન કરી વિવેકી મનુષ્યને સ્પષ્ટ સમજી શકાય એમ છે. અંતઃકરણની ન હોય તો સારામાં સારી વસ્તુ પણ તેવા અંતઃકરણવાળાને તથા પ્રાપ્ત કરવાયોગ્ય જણાતી નથી. પૂર્વનાં મહાપુરુષોનો ઉ હોય ત્યારેજ શુભ વસ્તુનું માહાત્મ્ય મનુષ્યથી સમજાય છે પ્રતિપાદન કરનારાં વચનોમાં તેને સત્કારપૂ શ્રદ્ધા પ્રકટે છે, ને અંતઃકરણમાં તે મેળવવાની અભિરુચિ પ્રકટી તેનાથી તદનુસ થાય છે.